# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 13-Nov-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ આજે ઝારખંડમાં પ્રથમ તબક્કાની 43 બેઠકો સહિત 11 રાજ્યોની 33 વિધાનસભા બેઠક પર પેટાચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે.
- ✓ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ આજે દાદરાનગર હવેલીના સેલવાસ અને દીવની મુલાકાતે જશે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારના દરભંગામાં 12 હજાર કરોડ રૂપિયાની અનેક વિકાસ યોજનાઓનું ખાતમુહૂર્ત અને શિલાન્યાસ કરશે.
- ✓ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા - FSSAI એ ઈ-કોમર્સ ક્ષેત્રમાં ખાદ્ય સુરક્ષાના ધોરણોને મજબૂત કરવા માટે એક માર્ગદર્શિકા જાહેર કરી છે.
- ✓ સમગ્ર વિશ્વમાં સરેરાશ માસિક તાપમાનમાં નોંધપાત્ર વધારાને કારણે 2024 અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ રહેવાની ધારણા છે.
- ✓ ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રીજી T20 ક્રિકેટ મેચ આજે સાંજે સેન્ચ્યુરિયનમાં રમાશે.

## *JHARKHAND-POLLING*

**ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં આજે કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે 15 જિલ્લાની 43 બેઠકો પર મતદાન શરૂ થયું છે.31 બેઠકોના 950 સંવેદનશીલ મતદાન મથકને બાદ કરતાં અન્ય તમામ સ્થળોએ મતદાન સવારે 7 વાગ્યાથી શરૂ**

થયું છે અને સાંજે 5 વાગ્યે પૂર્ણ થશે, જ્યારે સંવેદનશીલ બૂથ પર સાંજે 4 વાગ્યા સુધી મતદાન થશે. આ તબક્કામાં 1 કરોડ 37 લાખથી વધુ મતદારો 73 મહિલાઓ સહિત 6 હજાર 083 ઉમેદવારોના રાજકીય ભાવિનો નિર્ણય કરશે. સેરાયકેલાથી ભારતીય જનતા પાર્ટીના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી  ચંપાઈ સોરેન, રાંચીથી રાજ્યસભાના સાંસદ અને jmm  ઉમેદવાર મહુઆ માજી, લોહરદગાથી કોંગ્રેસના રામેશ્વર ઓરાઓન, જમશેદપુર (પશ્ચિમ)થી જનતા દળ (યુનાઈટેડ)ના સરયૂ રાય અને AJSUના હરે લાલ. ઈચ્છાગઢથી મહતો આ તબક્કાના લોકપ્રિય ઉમેદવારોમાં સામેલ છે. મુખ્ય ચૂંટણી અધિકારી કે. રવિ કુમારે મતદારોને નિર્ભયતાથી મતદાન કરવા અપીલ કરી છે.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે વિશેષ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્યમાં કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની 200 કંપનીઓ તૈનાત કરવામાં આવી છે.

આંતર-જિલ્લા સરહદો સીલ કરી દેવામાં આવી છે. નક્સલવાદી ગતિવિધિઓને નિષ્ફળ બનાવવા માટે, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઓડિશાના સરહદી વિસ્તારોમાં સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. કોઈપણ સંભવિત પરિસ્થિતિનો સામનો કરવા માટે હેલિકોપ્ટર પણ તૈનાત કરવામાં આવ્યા છે.

.................

## *VOTING*

કેરળની વાયનાડ સંસદીય બેઠક સહિત 11 રાજ્યોની 33 વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી માટે આજે મતદાન થઇ રહ્યું છે. તેમાં રાજસ્થાનની સાત, પશ્ચિમ બંગાળની છ, આસામની પાંચ, બિહારની ચાર, કર્ણાટકની ત્રણ અને મધ્યપ્રદેશ અને સિક્કિમની બે-બે બેઠકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કેરળ, છત્તીસગઢ, ગુજરાત અને મેઘાલયમાં એક-એક બેઠક માટે વિધાનસભા પેટાચૂંટણી પણ યોજાઇ છે..

..................

## *VAV – BY ELECTION*

ગુજરાતના બનાસકાંઠા જિલ્લાની વાવ વિધાનસભા બેઠકની ચૂંટણી માટે મતદાનનો પ્રારંભ થઈ ગયો છે. આ ચૂંટણીમાં 3 લાખ 10 હજારથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

વાવ વિધાનસભા મતવિસ્તારના ૧૯૨ મતદાન મથક કેન્દ્રો પર આવેલા કુલ ૩૨૧ મતદાન મથકો પર મતદાન યોજાઈ રહ્યું છે. મતદાન સાંજે છ વાગ્યા સુધી ચાલુ રહેશે. મતદાન માટે ૩૨૧ બેલેટ યુનિટ, ૩૨૧ કન્ટ્રોલ યુનિટ અને ૩૨૧ વીવીપેટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે .૨૩ નવેમ્બરનાં રોજ પરિણામ જાહેર થશે.

..................

## *PREZ UT VISIT*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગઇ કાલથી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવના ત્રણ દિવસના પ્રવાસે છે.

શ્રીમતી મુર્મૂ આજે દાદરાનગર હવેલીની મુલાકાતે આવશે. તેઓ સેલવાસમાં નમો આરોગ્ય શૈક્ષણિક અને સંશોધન સંસ્થાન ખાતે જશે, જ્યાં તેઓ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરશે. શ્રીમતી મુર્મૂ સેલવાસમાં એક જાહેર સમારોહને સંબોધિત કરશે.

દરમિયાન, રાષ્ટ્રપતિની દીવની મુલાકાત પૂર્વે તૈયારીઓ થઈ રહી છે. અમારા દીવના પ્રતિનિધી ભારતી રાવલ જણાવે છે કે, રાષ્ટ્રપતિ દીવ ખૂખરી સ્મારક અને દીવ કિલ્લાની મુલાકાત લેશે. આ પૂર્વે દીવ કિલ્લો ને અને ખૂખરી મેમોરિયલની સજાવટ કરવામાં આવી રહી છે.

ઓડિશાનાં રેત શિલ્પના કલાકારો દ્વારા રાષ્ટ્રપતિનું મુખ બનાવવામાં આવ્યું છે. ખૂખરી મેમોરિયલ પર બહારથી આવેલા અલગ અલગ રાજ્યોનાં કલાકારો પણ તૈયારી કરી રહ્યા છે.

.................

## *PM-BIHAR*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારના દરભંગા જશે. તેઓ રાજ્યમાં રૂ. 12 હજાર કરોડથી વધુના ખર્ચની અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કરશે અને ઉદ્ઘાટન કરશે. પ્રદેશમાં આરોગ્ય સુવિધાઓને મજબૂત કરવા માટે, પ્રધાનમંત્રી દરભંગામાં અખિલ ભારતીય તબીબી વિજ્ઞાન સંસ્થા-AIIMS નો શિલાન્યાસ કરશે. તેનું નિર્માણ 12 અબજ 60 કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવશે. તેના પરિસરમાં સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ અને આયુષ બ્લોક, મેડિકલ કોલેજ, નર્સિંગ કોલેજ, રેઈન શેલ્ટર અને અન્ય રહેણાંક સુવિધાઓનો સમાવેશ થશે. અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે આગામી ત્રણ વર્ષમાં શોભનમાં દરભંગા એઈમ્સ બનાવવામાં આવશે. તેનાથી મિથિલાંચલ પ્રદેશના લોકોની આકાંક્ષાઓ પૂર્ણ થશે. જનતા દળ યુનાઈટેડના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ સંજય ઝાએ કહ્યું કે આ સંસ્થા ઉત્તર બિહાર માટે વરદાન સાબિત થશે.

પ્રધાનમંત્રી 68 અબજ રૂપિયાના વિવિધ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સ અને રેલવે પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કરશે. દેશભરના વિવિધ રેલ્વે સ્ટેશનો પર 18 પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રોનું ઉદ્ઘાટન કરવામાં આવશે. આ સાથે રેલવે સ્ટેશનો પર સસ્તી દવાઓ ઉપલબ્ધ થશે અને જેનરિક દવાઓ અંગે જાગૃતિ વધશે. શ્રી મોદી પેટ્રોલિયમ અને કુદરતી ગેસ ક્ષેત્રે 40 અબજ 20 કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરશે.

.................

## *MORN.-FSSAI-MINIMUM-SHELF-LIFE*

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા - FSSAI એ ઈ-કોમર્સ ક્ષેત્રમાં ખાદ્ય સુરક્ષાના ધોરણોને મજબૂત કરવા માટે એક માર્ગદર્શિકા જાહેર કરી છે. ઈ-કોમર્સ ફૂડ બિઝનેસ ઓપરેટર્સ (FBOs) ને ગ્રાહકોને વિતરણ સમયે અથવા વપરાશ માટે અયોગ્ય બનતા 40 દિવસ પહેલા ખાદ્ય ચીજવસ્તુઓની લઘુતમ ગુણવત્તા 30 ટકા જાળવી રાખવા જણાવ્યું છે. સત્તાવાળાઓએ ગઈકાલે દિલ્હીમાં ઈ-કોમર્સ એફબીઓ સાથે બેઠક યોજી હતી. આ સભામાં 200 થી વધુ પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો. આ દરમિયાન, ઇ-કોમર્સ એફબીઓ માટે અનુપાલન આવશ્યકતાઓને મજબૂત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ઓનલાઈન પ્લેટફોર્મ પર કરવામાં આવતા અતિશયોક્તિપૂર્ણ દાવાઓ સામે સત્તાવાળાઓએ ખોરાક ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને પણ ચેતવણી આપી હતી. મુખ્ય અધિકારી  જી કમલ વર્ધન રાવે જણાવ્યું હતું કે આ માર્ગદર્શિકા ગેરમાર્ગે દોરતી માહિતીને ટાળશે અને ઉત્પાદનના ચોક્કસ વર્ણનના ગ્રાહકોના અધિકારનું રક્ષણ કરશે. શ્રી રાવે જણાવ્યું હતું કે FSSAI તરફથી માન્ય લાઇસન્સ અથવા નોંધણી વિના કોઈપણ ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર કામ કરી શકશે નહીં.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.................

## *2024--HOTTEST-YEAR*

સમગ્ર વિશ્વમાં સરેરાશ માસિક તાપમાનમાં નોંધપાત્ર વધારાને કારણે 2024નું વિદાય લઈ રહેલું વર્ષ અત્યાર સુધીનું સૌથી ઉષ્ણ વર્ષ બનવા તરફ આગળ વધી રહ્યું છે.

COP-29 સંમેલન દરમિયાન જાહેર કરાયેલા વિશ્વ હવામાન સંસ્થાના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે મહત્વાકાંક્ષી પેરિસ સમજૂતી ગંભીર જોખમમાં છે. પેરિસ કરારનો ધ્યેય પૃથ્વીની સપાટી પર લાંબા ગાળાના સરેરાશ તાપમાનમાં વધારો બે ડિગ્રીથી નીચે રાખવાનો છે. કરારમાં આ તાપમાનને એક પોઈન્ટ પાંચ ડિગ્રી સુધી મર્યાદિત કરવાના પ્રયાસો પર ભાર મૂકવામાં આવ્યો છે.

અહેવાલ અનુસાર, 2015થી 2024 સુધીનો દશક સૌથી ગરમ રહેવાની ધારણા છે. જેના કારણે હિમનદીઓમાંથી બરફ પીગળવો, દરિયાની સપાટીમાં વધારો અને સમુદ્રનું પાણી ગરમ થવાના બનાવો વધી રહ્યા છે. વિશ્વ હવામાન વિભાગના સેક્રેટરી જનરલ સેલેસ્ટે સાઉલોએ જણાવ્યું હતું કે આબોહવા પરિવર્તનના સંબંધમાં તાપમાનમાં કોઈપણ વધારા પર ધ્યાન આપવું મહત્વપૂર્ણ છે અને તાપમાનમાં વધારાના વધારાથી કુદરતી આફતોના જોખમો અને અસરોમાં વધારો થાય છે.

.................

## *MORN-JAISHANKAR---SAUDI*

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર આજે નવી દિલ્હીમાં સાઉદી અરેબિયાના વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન અલ સાઉદ સાથે બેઠક કરશે.

સાઉદી અરેબિયાના વિદેશ મંત્રી ગઈ કાલે ભારતની બે દિવસની મુલાકાતે દિલ્હી પહોંચ્યા હતા.

અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે ભારત અને સાઉદી અરેબિયા વચ્ચેની મિત્રતા સદીઓ જૂના આર્થિક અને સામાજિક-સાંસ્કૃતિક સંબંધો પર આધારિત છે. ભારત સાઉદી અરેબિયાનો બીજો સૌથી મોટો વ્યાપારી ભાગીદાર છે જ્યારે સાઉદી

અરેબિયા ભારતનો ચોથો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. નાણાકીય વર્ષ 2023 દરમિયાન બંને દેશો વચ્ચે 52 અબજ 76 કરોડ ડોલરનો વેપાર થયો હતો. સાઉદી અરેબિયામાં ભારતીય સમુદાયની સંખ્યા 26 લાખ 50 હજારથી વધુ છે અને તેઓ બંને દેશો વચ્ચે સેતુનું કામ કરે છે. વાર્ષિક હજ યાત્રા એ ભારત અને સાઉદી અરેબિયા વચ્ચેના સંબંધોનું બીજું મહત્વનું પાસું છે.

.................

## *REV.CRICKET-IND-SA*

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાર મેચોની શ્રેણીની ત્રીજી T20 ક્રિકેટ મેચ આજે સાંજે રમાશે. આ મેચ દક્ષિણ આફ્રિકાના સેન્ચ્યુરિયન સુપરસ્પોર્ટ પાર્કમાં ભારતીય સમય અનુસાર રાત્રે 8.30 વાગ્યે શરૂ થશે.

દક્ષિણ આફ્રિકાએ બીજી મેચમાં ત્રણ વિકેટથી જીત મેળવ્યા બાદ શ્રેણીની 1-1ની બરાબરી પર છે. ભારતે શ્રેણીની પ્રથમ મેચ 61 રને જીતી હતી.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- મોંઘવારીમાં વધારાના સમાચારને સંદેશ, નવગુજરાત સમય, ઇન્ડિયન એક્સપ્રેસ, ઇકોનોમિક ટાઇમ્સ અને રાજસ્થાન પત્રિકાએ હેડલાઇન બનાવી છેઃ સંદેશનું શિર્ષક છે- મોંઘવારીએ માઝા મૂકીઃ ફુગાવો 14 મહિનાની ટોચે
- કાશ્મીરમાં મોસમની પ્રથમ બરફવર્ષાની તસવીર સંદેશ અને નવગુજરાત સમયે પ્રથમ પાને પ્રકાશિત કરી છે.
- ખ્યાતિ હોસ્પિટલ કાંડ અંગે તમામ દૈનિકોએ વિશેષ અહેવાલો આપ્યા છે. સંદેશનો અહેવાલ લખે છે- PMJay યોજનામાં ધૂમ કટકી- 13 હજારથી વધુ દર્દીની એક જ

સમયે બે હોસ્પિટલોમાં સર્જરી થઈ, તો ગુજરાત સમાચારે લખ્યું છે- ગુજરાતમાં મેડિકલ માફિયા બેફામઃ હોસ્પિટલમાં દર્દીઓ ગ્રાહક બન્યા.

- દિવ્ય ભાસ્કરની હેડલાઇન છે-ખ્યાતિએ દિલ ખોલીને દગો કર્યોઃ
- ફુલછાબની હેડલાઇન છે- ટ્રમ્પ ઇફેક્ટ- સોનામાં કાટ, ડોલરમાં ચળકાટ,
- તો આ સમાચારને સંદેશ અને નવગુજરાત સમયે પ્રથમ પાને પ્રકાશિત ક્યા છે. સંદેશે લખ્યું છે, ચાંદી 3500 તૂટી 90 હજારની નીચે. સોનાએ 80 હજારની સપાટી તોડી
- આજે ઝારખંડ વિધાનસભાની પ્રથમ તબક્કાની અને 10 રાજ્યોમાં 31 બેઠકો માટે પેટાચૂંટણીનાં સમાચાર પણ પહેલા પાને જોવા મળે છે
- ફુલછાબ દૈનિક એક અહેવાલમાં જણાવે છે કે, લા નીનાની રાહ- નવેમ્બરનાં મધ્યમાં પણ ગરમીનો અહેસાસ-ડિસેમ્બરમાં થશે ઠંડીની જમાવટ,.

--------------